**સુરતની મામલતદાર કચેરીઓમાં ઓપરેટરોના ભ્રષ્ટાચારના આક્ષેપો**

# કાચી નોંધથી પાકી એન્ટ્રી સુધી અરજદારો પરેશાન થઇ રહ્યા છે

**મહિનાઓ** સુધી એન્ટ્રી પેન્ડિંગ રાખી ટેક્નિકલ કારણોનું બહાનું, 'ટેબલ નીચે પ્રસાદી' બાદ જ કામ આગળ વધતું હોવાના ગંભીર આક્ષેપ

સુરતઃ સુરત જિલ્લાની વિવિધ મામલતદાર કચેરીઓમાં મહેસૂલી કામગીરીને લઇને અરજદારોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને કાચી નોંધને પાકી એન્ટ્રીમાં ફેરવવાની પ્રક્રિયામાં બિનજરૂરી વિલંબ કરી અરજદારોને ધક્કા ખવડાવવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. અનેક કચેરીઓમાં ઓપરેટરો દ્વારા ટેક્નિકલ કારણોનું બહાનું બતાવી અરજદારોને પરેશાન કરવામાં આવે છે અને ગેરરીતિપૂર્વક નાણાંની માંગણી થતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે.

અરજદારોના જણાવ્યા મુજબ કાચી નોંધ દાખલ થયા બાદ નિયમ મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં પાકી એન્ટ્રી થઈ જોઈએ. પરંતુ ઘણી કચેરીઓમાં મહિનાઓ સુધી ફાઇલો પેન્ડિંગ રાખવામાં આવે છે. જ્યારે અરજદાર પોતાના કામની પ્રગતિ જાણવા કચેરીમાં પહોંચે છે ત્યારે વિવિધ ટેક્નિકલ કારણો દર્શાવી કામ અટકાવવામાં આવે છે. ત્યારબાદ ગેરકાયદે રીતે રૂપિયા આપ્યા પછી જ ફાઇલ આગળ ધપાવવામાં આવતી હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. આ સમગ્ર પ્રક્રિયાના કારણે સામાન્ય નાગરિકો, ખેડૂતો અને મિલકત ખરીદી-વેચાણ સાથે સંકળાયેલા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. મિલકતના સોદા અટકી રહ્યા છે, બેન્ક લોન મંજૂર થવામાં વિલંબ થઇ રહ્યો છે અને અનેક લોકોના આર્થિક વ્યવહારો ખોરવાઈ રહ્યા છે.

### પુણા તાલુકાની કલેક્ટરને લેખિત રજૂઆત

પુણા તાલુકા મામલતદાર કચેરી અંગે એક અરજદાર સીધી જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે પુણા તાલુકા હેઠળના મહેસૂલી વિસ્તારમાં કાચી નોંધ પડ્યા બાદ નિયમિત સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં છેલ્લા એક મહિનાથી 7/12માં વેચાણ, વારસાઈ સહિતની કોઈપણ પ્રકારની પાકી એન્ટ્રી કરવામાં આવી રહી નથી. આ વિલંબના કારણે જમીન અને મિલકતના ખરીદ-વેચાણના વ્યવહારો અટકી ગયા છે. અનેક મધ્યમવર્ગીય પરિવારોની બેન્ક લોનની પ્રક્રિયા પણ અટવાઈ ગઈ છે, જેના કારણે લોકોને આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અરજદારે કલેક્ટરને તાત્કાલિક હસ્તક્ષેપ કરી જવાબદાર અધિકારીઓને નિયમ મુજબ પાકી એન્ટ્રી કરવાની સૂચના આપવા માંગ કરી છે.

### કામરેજના આક્ષેપો બાદ આરોગ્ય મંત્રીએ પ્રાંત પાસે વિગતો મંગાવી

કામરેજ મામલતદાર કચેરીમાં પણ એક ઓપરેટર સામે સમાન પ્રકારની ફરિયાદો સામે આવી છે. અરજદારોના આક્ષેપ મુજબ પ્રતિક નામનો ઓપરેટર લાંબા સમય સુધી એન્ટ્રીઓ પેન્ડિંગ રાખે છે. બાદમાં અરજદાર સંપર્ક કરે ત્યારે ટેક્નિકલ કારણો દર્શાવી કામમાં વિલંબ કરવામાં આવે છે અને ભ્રષ્ટાચાર થતો હોવાની ચર્ચા છે. જિલ્લાની વિવિધ મામલતદાર કચેરીઓમાંથી આવી ફરિયાદો સતત સામે આવતાં હવે સમગ્ર વ્યવસ્થાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ ઉઠી છે. આ મામલે ધારાસભ્ય અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈએ કામરેજ પ્રાંત અધિકારી પાસેથી કેટલી એન્ટ્રી સમયસર પડી છે અને કેટલી એન્ટ્રી વિલંબ કરવામાં આવ્યો તેની વિગતો મંગાવી હતી. સાથે જ વિલંબ પાછળના કારણો પણ માંગ્યા છે.

# પડોશીએ ખોદેલા ખાડામાં પડતાં 1વર્ષની બાળકીનું મોત

**કડોદરામાં** લોહીલુહાણ હાલતમાં લોકો બાળકીને લઈ હોસ્પિટલ દોડ્યા પણ જીવ ન બચ્યો

પલસાણાઃ કડોદરા વિસ્તારમાં એક માસૂમ બાળકીની જિંદગી પડોશીની ગંભીર બેદરકારીના કારણે હોમાઈ ગઈ છે. શ્રીનિવાસ સોસાયટીની બાજુમાં આવેલા શિવમ નગર (મકાન નં.૧૭૭)માં રહેતા પરિવારની વૈશાલી નામની એક વર્ષની માસૂમ બાળકીનું ઘર નજીક આવેલા એક ઊંડા ખાડામાં પડી જવાથીમોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શ્રીનિવાસથી શિવમ નગર તરફ જતા મુખ્ય રોડ પર એક મોટો ખાડો આવેલો હતો. આ સોસાયટીમાં રહેતી નાની બાળકી વૈશાલી ઘરની બહાર રમી રહી હતી. રમતાં-રમતાં તેનું ધ્યાન ન રહેતાં તે અચાનક આ ઊંડા ખાડામાં ખાબકી હતી. બાળકીને ખાડામાં પડતી જોઈ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ ભારે જહેમત બાદ બાળકીને બહાર કાઢી હતી અને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક નજીકની સંજીવની હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જો કે, હોસ્પિટલના તબીબોએ બાળકીને તપાસીને મૃત જાહેર કરતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

### પિતાએ વારંવાર ખાડો પૂરવા વિનંતી કરી હતી

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, રોડ પર આવેલા આ જોખમી ખાડા અંગે અગાઉ પણ અનેક વખત સંબંધિત લોકો અને તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ કોઈએ આ વાતને ગંભીરતાથી લીધી ન હતી. બાળકીના પિતાએ આ મામલે પડોશમાં રહેતા ૩ ઇસમ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પિતાના જણાવ્યા અનુસાર, આ ઇસમોને વારંવાર ખાડો પૂરી દેવા માટે વિનંતી કરવામાં આવી હોવા છતાં તેમણે ખાડો બંધ કર્યો ન હતો.

**સુરત-વડોદરા વચ્ચેનો વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયો**

# એક મહિના પહેલા ખુલ્લો મૂકેલો એક્સપ્રેસ હાઇવે પર 8 ફૂટનું ગાબડું

**અંકલેશ્વરના** પીલુદરા નજીક પુલનો સ્લેબ તૂટ્યો

**NHAIની** ટીમ નિરીક્ષણ કરશે, વરસાદ બાદ સમારકામ


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર,ભરૂચ : દેશના મહત્વાકાંક્ષી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક પીલુદરા ગામ પાસે મોટી ઘટના બની છે. ચોમાસાની શરૂઆતમાં જ અહીંના પીલુદરા વચ્ચેના હાઇવે બ્રિજનો કોંક્રિટ સ્લેબમાં આશરે 8 ફૂટ જેટલું ગાબડું પડી ગયું છે. આ ઘટનાએ સુરત-વડોદરા વચ્ચેના વાહનવ્યવહારને સંપૂર્ણપણે ખોરવી નાખ્યો છે.

આ એક્સપ્રેસવે માંડ એકાદ મહિના પહેલા જ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પરંતુ પહેલા જ ચોમાસામાં પુલની વચ્ચોવચ મોટું ગાબડું પડતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. તૂટેલા સ્લેબમાંથી લોખંડના સળિયા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે, જ્યારે પુલના નીચે એક્સપાન્શન જોઈન્ટને પણ વ્યાપક નુકસાન થયું છે, જે સુરક્ષાની ગંભીર ચિંતા વધારે છે.

આ અકસ્માતને કારણે સુરતથી વડોદરા જતી મુખ્ય લેન સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હતી. પરિણામે હાઈવે પર માઈલો લાંબી કતારો લાગી ગઈ હતી અને મુસાફરો-વાહનચાલકો કલાકો સુધી ફસાયેલા રહ્યા હતા. હાલમાં ટ્રાફિકને ડાયવર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

**રાજ્યભરની યુનિવર્સિટીઓમાં એક જ સ્કોરથી મળશે એડમિશન**

# CETની પરીક્ષાનું આયોજન હવે વીર નર્મદ યુનિવર્સિટી કરશે

**માસ્ટર** ઓફ ઓપ્ટોમેટ્રી, માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અને માસ્ટર ઓફ સાયન્સ ઇન નર્સિંગ પ્રવેશ માટે હવે માત્ર CET આપવાની રહેશે

સુરતઃ રાજ્યમાં M.Opto, MPT અને MSc Nursing જેવા અનુસ્નાતક આરોગ્યલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને GCAS દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ 2026 માટે આ કોર્સોમાં પ્રવેશ માટે હવે અલગ-અલગ યુનિવર્સિટીઓની પ્રવેશ પરીક્ષાઓ આપવાની જરૂર રહેશે નહીં. તેના બદલે સમગ્ર રાજ્ય માટે એક જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) યોજવામાં આવશે, જેના આધારે વિવિધ ભાગ લેનારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ આપવામાં આવશે.

આ નવી પહેલનો પ્રસ્તાવ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) દ્વારા કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે આ પ્રસ્તાવને સ્વીકારતા સમગ્ર CET પરીક્ષાનું આયોજન કરવાની જવાબદારી પણ VNSGUને સોંપી છે. રાજ્યસ્તરે આ પ્રકારની એકસમાન પ્રવેશ પરીક્ષાની વ્યવસ્થા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે. નવી વ્યવસ્થા મુજબ CET સંપૂર્ણપણે ઓનલાઈન મોડમાં લેવામાં આવશે. વિદ્યાર્થીઓને પોતાની અનુકૂળતા મુજબ ઉપલબ્ધ યુનિવર્સિટી કેન્દ્રોમાંથી પરીક્ષા કેન્દ્ર પસંદ કરવાની સુવિધા પણ આપવામાં આવશે, જેના કારણે પરીક્ષા આપવા માટે અનાવશ્યક મુસાફરીનો બોજ ઘટશે. વિદ્યાર્થીઓ માટે વધુ એક રાહતરૂપ બાબત એ છે કે CET માટે કોઈ અલગ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે નહીં. GCAS એપ્લિકેશન ફીમાં જ CETની પરીક્ષા ફીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી ઉમેદવારોને વધારાનો આર્થિક બોજ સહન કરવો નહીં પડે. આ એક જ CETમાં મેળવેલા ગુણ રાજ્યની તમામ ભાગ લેનારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે માન્ય ગણાશે. પરિણામે વિદ્યાર્થીઓને અલગ-અલગ યુનિવર્સિટીઓની પરીક્ષાઓ માટે તૈયારી કરવી, અલગ ફોર્મ ભરવા કે વારંવાર પરીક્ષા આપવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. સાથે જ સમગ્ર પ્રવેશ પ્રક્રિયામાં પારદર્શિતા અને એકરૂપતા પણ આવશે.

# આરોપી નિર્દોષ છૂટે તો પોલીસ અને સરકારી વકીલ સામે તપાસ થશે

**ફોજદારી** કેસોમાં ગુજરાત સરકારનો મોટો નિર્ણય

**ચાર** સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિ કેસની સમીક્ષા કરશે

ગાંધીનગર : રાજ્યમાં ફોજદારી કેસોની તપાસ અને પ્રોસિક્યુશન પ્રક્રિયાને વધુ જવાબદાર અને અસરકારક બનાવવા ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે કોઈપણ ફોજદારી કેસમાં આરોપી કોર્ટમાંથી નિર્દોષ છૂટશે તો તેની પાછળના કારણોની વ્યવસ્થિત સમીક્ષા કરવામાં આવશે. તપાસ અથવા પ્રોસિક્યુશનમાં બેદરકારી, ક્ષતિ કે ગંભીર ખામી સામે આવશે તો સંબંધિત પોલીસ અધિકારીઓ અને સરકારી વકીલો (પબ્લિક પ્રોસિક્યુટર) સામે વિભાગીય તેમજ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

રાજય સરકારના ગૃહ વિભાગે આ અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડી નવી વ્યવસ્થાનો અમલ કરવાનો નિર્ણય લીધો છે. તેના હેઠળ હવે કોર્ટમાંથી આરોપી નિર્દોષ છૂટે તેવા દરેક મહત્વપૂર્ણ ફોજદારી કેસની સમીક્ષા ચાર સભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિ કરશે. સમિતિમાં ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ડીજીપી (લો એન્ડ ઓર્ડર) તેમજ નાયબ સચિવ કક્ષાના બે અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે. સમિતિ નિર્દોષ છૂટેલા કેસોની ફાઈલોની વિગતવાર તપાસ કરીને આરોપીને નિર્દોષ છૂટવામાં તપાસની ખામી જવાબદાર હતી કે નહીં, પુરાવા એકત્રિત કરવામાં બેદરકારી દાખવાઈ હતી કે નહીં અને પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા કોર્ટમાં કેસનું અસરકારક રીતે પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું કે નહીં તેની ચકાસણી કરશે. સરકારનું માનવું છે કે અનેક ગંભીર ગુનાઓમાં તપાસની ખામીઓ, પુરાવાના અભાવ અથવા પ્રોસિક્યુશનની નબળી રજૂઆતના કારણે આરોપીઓ નિર્દોષ છૂટી જતા હોય છે. આવી સ્થિતિમાં માત્ર કેસના પરિણામને સ્વીકારી લેવાના બદલે હવે તેના માટે જવાબદાર કારણો શોધીને જવાબદારી પણ નક્કી કરવામાં આવશે. સમિતિના અહેવાલમાં જો તપાસ અધિકારી અથવા પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા જાણીજોઈને અથવા બેદરકારીપૂર્વક કામગીરીમાં ક્ષતિ રાખવામાં આવી હોવાનું સામે આવશે, તો સંબંધિત અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી ઉપરાંત જરૂરી હોય ત્યાં કાયદાકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

**16માંથી છઠ્ઠી બેઠક વાલોડ પણ બિનહરીફ થઇ**

# સુમુલમાં ભાજપના બળવાખોર ઉમેદવારો સાનમાં સમજાવી દેવાયા

**ભાજપના** સહકારી આગેવાન બીપીન ગોતાએ બળવા ખોરોને બેસી જવા સમજાવ્યા અને તેઓ માની ગયાની ચર્ચા

### બેઠક પર કયા ઉમેદવારે મેદાન છોડ્યું?

| બેઠક | ઉમેદવારનું નામ |
| --- | --- |
| વાલોડ | (1) નરેશભાઇ ભીખાભાઇ પટેલ |
| | (2) અજયભાઇ ગમનભાઇ પાવાગઢી |
| | (3) વિકેશભાઇ ચંદુભાઇ ગામીત |
| નિઝર | (1) સુનીલભાઇ શ્રીપતભાઇ પટેલ |
| | (2) દિલીપભાઇ રઘુનાથભાઇ પાટીલ |
| વ્યારા | (1) પ્રવિણભાઇ નમલાભાઇ ગામીત |
| કુકરમુંડા | (1) કિશોરભાઇ બબનભાઇ માળી |

સુરતઃ સુમુલ ડેરીની ચૂંટણીમાં ડિરેક્ટર બનવા થનગનતા નિઝર, વ્યારા, કુકરમુંડા, વાલોડના ભાજપના બળવાખોર ઉમેદવારોને શામ, ડામ,દંડ ભેદની નીતિ હેઠળ સમજાવી લેવામાં આવ્યા છે.બળવાખોરોના સહકારી મંડળીઓમાંના પરાક્રમોનો ઉલ્લેખ કરતા જ મહુવા,ઓલપાડ સિવાય મામલો થાળે પડ્યો છે.ભજો દ્વારા સહકારી આગેવાન બિપિન ગોતા (પટેલ)ને બળવાખોર ઉમેદવારોને સમજાવવા મોકલ્યા હતા. એમણે બળવાખોરોને શાનમાં બેસી જવા સમજાવ્યા હોવાની ચર્ચા સહકારી ક્ષેત્રમાં ચાલી રહી છે. તાપી જિલ્લાની વાલોડ બેઠક પર ખૂબ ગાજેલા નરેશભાઇ ભીખાભાઇ પટેલએ આજે ભાજપના સત્તાવાર ઉમેદવાર રાજકુમાર આહિર સામે ફોર્મ પરત ખેંચી લેતા તેઓ બિનહરીફ થયા છે. એ સાથે નરેશ પટેલનો સુમુલ ડેરી અને સુરત ડિસ્ટ્રિક્ટ બેંક બંનેમાંથી સત્તા સિહાસન મંડળમાંથી એકડો નીકળી ગયો છે. કારણકે, તાપી જિલ્લામાં પંચાયતથી પાર્લિયામેન્ટ સુધી અનામત બેઠકો હોવાથી તેઓ માટે માત્ર સહકારી ક્ષેત્રની બે મોટી સંસ્થા સુમુલ અને ડિસ્ટ્રિક્ટ બેંક બચી હતી. નરેશ પટેલને સમજાવવા માટે બિપિન ગોતાને મોકલવામાં આવ્યા હતાં.અને તેઓ ઝડપથી માની ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ બેઠક પર અજયભાઇ ગમનભાઇ પાવાગઢી અને વિકેશભાઇ ચંદુભાઇ ગામીત એ પણ ફોર્મ પરત ખેંચ્યું છે.

એવી જ રીતે નિઝર બેઠક પર સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ઉપપ્રમુખ સુનીલભાઇ શ્રીપતભાઇ પટેલ, દિલીપભાઇ રઘુનાથભાઇ પાટીલ, વ્યારા બેઠક પર પ્રવિણભાઇ નમલાભાઇ ગામીત, કુકરમુંડા બેઠક પર કિશોરભાઇ બબનભાઇ માળી એ મેદાન છોડ્યું છે. હવે માત્ર સુરત જિલ્લાની મહુવા અને ઓલપાડ એમ બે બેઠકો પર જ બળવાખોર ઉમેદવારો ઊભા છે.ધારાસભ્ય સંદીપ દેસાઇ અને સુમુલના માજી ચેરમેન રાજુભાઈ પાઠકે 16 માંથી 6 બેઠક બિનહરીફ કરાવી છે. આવતીકાલે ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ છે.ત્યારે કોઈ નવાજુની થાય છે કે, કેમ એને લઈ ચર્ચા ચાલી રહી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**પલસાણા-...**

દિવસ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરી છે. વરસાદના કારણે લાંબા સમયથી અનુભવાતી ગરમી અને ઉકળાટમાંથી લોકોને મોટી રાહત મળી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ચાર દિવસ સુધી સુરત શહેર અને જિલ્લામાં હળવાથી ભારે વરસાદના ઝાપટાં પડવાની શક્યતા છે. સતત વરસાદની અસર તાપમાન પર પણ સ્પષ્ટ જોવા મળી હતી. મહત્તમ તાપમાનમાં અંદાજે 3.5 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો. આજે મહત્તમ તાપમાન 29 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બંને તાપમાન વચ્ચે માત્ર 3.4 ડિગ્રી જેટલો જ તફાવત જોવા મળ્યો, જે સમગ્ર દિવસ દરમિયાન વાદળછાયા અને વરસાદી વાતાવરણનો સંકેત આપે છે. આ ઉપરાંત હવામાં ભેજનું પ્રમાણ વધીને 94 ટકા સુધી પહોંચી ગયું હતું સાથે જ પ્રતિ કલાક આશરે 6 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો, જેના કારણે વરસાદી માહોલ વધુ સક્રિય બન્યો હતો.

**પાણીના નિકાલ...**

આપી દેવી પડી હતી. જેસીબી કામે લગાડી નવી બનાવેલ કમ્પાઉન્ડની દિવાલ તોડી પાણીનો નિકાલ કરાયો હતો.

**બારડોલીના...**

મુસાફરો મુશ્કેલીમાં છે.
સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, હાઈવે નજીક જ બનેલી એક નવનિર્મિત ફેક્ટરીના સંચાલકોએ કુદરતી પાણીના નિકાલની જગ્યા પર જ મોટી દીવાલ ચણી દીધી હોવાથી વરસાદી પાણી આગળ વધી શક્યું ન હતું. પરિણામે, તરભોણ પાટિયા પાસે ધોરી માર્ગ સ્વિમિંગ પૂલમાં ફેરવાઈ ગયો હતો.

**કુડસદ...**

એકમોમાં ઉત્પાદન કામગીરી ઠપ્પ થઈ ગઈ છે.વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે GIDC વિસ્તારમાં એકથી દોઢ ફૂટ સુધી પાણી ભરાઈ જતાં અનેક ફેક્ટરીઓમાં કામગીરી પ્રભાવિત થઈ છે.

**લોકોનાં ઘર...**

મોટી ઘટનામાં રાજ્ય સરકાર કેમ એક્ટિવ નથી, શું નાગરિકો પ્રત્યે તેની કોઈ જવાબદારી નથી?' કોર્ટે ડેપ્યુટી કમિશનર કક્ષાના અધિકારી હેઠળની તપાસ કમિટીના પ્રાથમિક અહેવાલને 'ગોળ-ગોળ' ગણાવીને આ મામલે ભીનું સંકેલવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની આશંકા વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન મામલાની ગંભીરતા સમજાવવા કોર્ટે થોડીવાર માટે યુટ્યુબ લાઇવ સ્ટ્રીમિંગનું માઇક પણ બંધ કરાવી દીધું હતું

### ટોરેન્ટને પણ કોર્ટે આકરા સવાલ કર્યાં?

સુનાવણી દરમિયાન વીજ પુરવઠો કાપવા અંગે પણ ટોરેન્ટ પાવરની પૂછપરછ કરાઈ હતી. ટોરેન્ટ પાવરે જણાવ્યું કે સુરત મનપા સેન્ટ્રલ ઝોનમાંથી 'શૈલેષભાઈ' નામના વ્યક્તિના ફોન આવતા જ અકસ્માત નિવારવા વીજ પ્રવાહ બંધ કરાયો હતો, કારણ કે ત્યાં પહોંચ્યા ત્યારે ડિમોલિશન ચાલુ હતું. કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કરતા પૂછ્યું કે, કોઈ લેખિત પરવાનગી વગર માત્ર ફોન પરની સૂચનાથી વીજળી કેવી રીતે કાપી શકાય? શું આ શૈલેષભાઈ સસ્પેન્ડ થયેલા કર્મચારીઓમાં સામેલ છે? (જેનો જવાબ 'ના' મળ્યો હતો). અરજદારે આક્ષેપ કર્યો કે મનપામાં એક શૈલેષભાઈ કર્મચારી છે અને બીજા શૈલેષભાઈ બિલ્ડર છે, જેથી કોર્ટે આ શૈલેષભાઈની ચોક્કસ ઓળખ અને મોબાઇલ નંબર અંગે પૃચ્છા કરી છે.

**ડિમાર્કેશન માટે...**

પણ ઊંચા લેવલના અધિકારી દ્વારા આ કેસની તપાસ થવી જરૂરી છે. માત્ર કર્મચારીઓને સસ્પેન્ડ કરવા એ કોઈ કડક પગલાં નથી, તેઓ તો ઘરે આરામ કરશે અને તપાસ વર્ષો સુધી ચાલશે. હાલ ૧૦૦ જેટલા પરિવારો ઘરવિહોણા બન્યા છે, જેઓ દબાણકર્તા નથી. તેથી અસરગ્રસ્તોના પુનર્વસન માટે મૂળ સ્થળે અથવા અન્ય યોગ્ય સ્થળે વસવાટની યોજના રજૂ કરવા કોર્ટે સૂચના આપી છે.

**પોલીસ...**

વગર આ ગેરકાયદે કૃત્ય શક્ય જ નથી. ૧૧૨ નંબર પર ફોન કરવા છતાં પોલીસ કેમ એક્ટિવ ન થઈ? પોલીસ કમિશનરે પણ રજૂઆત બાદ ફરિયાદ કેમ ન લીધી ? અરજદારના વકીલે જ્યારે હાઈકોર્ટને જણાવ્યું કે ઘટના સમયે ડીસીપી રાજદીપસિંહ નકુમે લોકોને કહ્યું હતું કે 'તમારે હાઇકોર્ટમાં જવું હોય તો જાઓ', ત્યારે કોર્ટે ગંભીર નોંધ લેતા કહ્યું કે, જો ડીસીપીના આવા શબ્દો સાબિત થશે, તો તે વીડિયોની વોઇસ સ્પેક્ટોગ્રાફી માટે એફએસએલમાં મોકલીને તેમની સામે કડક કાર્યવાહી કરાશે.

**સ્થાનિક તપાસ...**

તોડી પાડવાની ઘટના શું ફોજદારી ગુનો નથી? જો ડિમોલિશન ગેરકાયદેસર હતું તો રાજ્ય સરકાર હજુ સુધી સક્રિય કેમ બની નથી? સુનાવણી દરમિયાન કોર્ટે ડિમોલિશનની તપાસ માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષપદ હેઠળ રચાયેલી તપાસ સમિતિ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે ટિપ્પણી કરી હતી કે, આટલી ગંભીર ઘટનાની તપાસ સ્થાનિક કક્ષાના અધિકારીને સોંપવી યોગ્ય જણાતી નથી અને પ્રાથમિક તપાસ અહેવાલ સમગ્ર મામલાને 'ભીનું સંકેલવાનો પ્રયાસ' હોવાનું પ્રથમ દ્રષ્ટિએ જણાય છે. પોલીસની કામગીરી અંગે કોર્ટે વધુ કડક વલણ અપનાવતા જણાવ્યું હતું કે, ડિમોલિશન સ્થળે એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર હતા, છતાં તેમને ડિમાર્કેશન અને ડિમોલિશન વચ્ચેનો તફાવત સમજાયો નહીં ? પોલીસ પાસે કોર્પોરેશનની સત્તા ન હોય તે સ્વાભાવિક છે, પરંતુ ગેરકાયદેસર કાર્યવાહી સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાની જવાબદારી તો પોલીસની પણ બને છે. કોર્ટે નોંધ્યું કે, પોલીસની હાજરી અને સહકાર વગર આટલા મોટા પાયે ડિમોલિશન શક્ય હોવાનું માનવું મુશ્કેલ છે.

**સસ્પેન્શન કોઈ...**

ફોજદારી કાર્યવાહી શરૂ થતી નથી, તે ગંભીર બાબત છે. સુરત મનપા દ્વારા પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાની માહિતી પણ કોર્ટ સમક્ષ રજૂ થઈ હતી. જોકે કોર્ટે કહ્યું કે માત્ર સસ્પેન્શન કોઈ કડક કાર્યવાહી કહી શકાય નહીં. લગભગ 100 જેટલા પરિવારો ઘરવિહોણા બન્યા છે ત્યારે સમગ્ર ઘટનાની જવાબદારી ઉચ્ચ સ્તરે નક્કી કરવી જરૂરી છે. સુનાવણી દરમિયાન કોર્ટે રાજ્ય સરકારને પણ સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું હતું કે, નાગરિકો પ્રત્યે રાજ્યની જવાબદારી ક્યાં ગઈ? આટલી મોટી કાર્યવાહી માત્ર સ્થાનિક અધિકારીઓએ કરી હોવાનું માનવું મુશ્કેલ છે. કોર્ટે સંકેત આપ્યો કે સમગ્ર ઘટનામાં ઉચ્ચ કક્ષાના અધિકારીઓની ભૂમિકાની પણ તપાસ જરૂરી બની શકે છે.

**આગામી તા.9મી...**

ભરીમાતા કોમ્યુનિટી હોલમાં હંગામી આશ્રયની વ્યવસ્થા કરાઈ હોવા છતાં કોર્ટે સ્પષ્ટ કર્યું કે, અસરગ્રસ્તોને કાયમી વૈકલ્પિક રહેઠાણ ઉપલબ્ધ કરાવવું મનપાની જવાબદારી છે. કોર્ટે મનપાને સૂચના આપી છે કે, ડિમોલિશન થયેલા સ્થળે જ પુનઃ રહેઠાણ ઊભું કરવાની શક્યતા અથવા ખાનગી વાટાઘાટો દ્વારા અન્ય સ્થળે કાયમી આવાસ ઉપલબ્ધ કરાવવાની યોજના તૈયાર કરી આગામી 9 જુલાઈની સુનાવણી દરમિયાન વિગતવાર એક્શન પ્લાન રજૂ કરવામાં આવે. હાઇકોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, ગેરકાયદે કાર્યવાહીનો ભોગ બનેલા પરિવારોને યોગ્ય અને કાયમી વૈકલ્પિક રહેઠાણ મળવું જ જોઈએ.

**IPS શરદ...**

રહેવાસી અને 30થી વધુ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હિસ્ટ્રીશીટર કલીમની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી ચાર ગેરકાયદેસર હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.આરોપીની ધરપકડ બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસ અને ઘટનાક્રમની પુછપરછ લઈ આવી હતી. આ દરમિયાન જેસીપી શરદ સિંઘલ અને પોલીસ ઈન્સ્પેક્ટર ઘાસુરા આરોપીની પૂછપરછ કરી રહ્યા હતા. ત્યારે આરોપી કલીમ અચાનક ઉશ્કેરાઈ જઈ જેસીપી શરદ સિંઘલ પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં શરદ સિંઘલના ડાબા હાથમાં ઈજા પહોંચી હતીઆરોપી કલીમએ હુમલો કરતાં શરદ સિંઘલે સર્વિસ રિવોલ્વરમાંથી ગોળીબાર કરતાં ગોળી આરોપી કલીમના પગમાં વાગતાં તે ઘાયલ થયો હતો, અને પોલીસે તેને કાબૂમાં લીધો હતો.આ ઘટના બાદ ઈજાગ્રસ્ત જેસીપી શરદ સિંઘલને તાત્કાલિક અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આરોપી કલીમને પણ પોલીસ બંદોબસ્ત વચ્ચે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાલમાં બંનેની સારવાર ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ, કલીમ સામે હત્યા, હત્યાના પ્રયાસ, લૂંટ, ગેરકાયદેસર હથિયારો સહિતના 30થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે.

**દમણ-દિલ્હી...**

થતાં દમણના પ્રવાસન, વેપાર, ઉદ્યોગ તેમજ સરકારી કામકાજ માટે મુસાફરી વધુ સરળ અને ઝડપી બનશે.

એલાયન્સ એર દ્વારા આ રૂટ પર ATR-42 વિમાનનું સંચાલન કરવામાં આવશે. નિયમિત ફ્લાઈટ સેવા 20 જુલાઈ, 2026થી દર સોમવાર અને બુધવારે ઉપલબ્ધ રહેશે. નિયમિત સમયપત્રક મુજબ ફ્લાઈટ નંબર 9I-811 દિલ્હીથી સવારે 6:20 કલાકે ઉપડી દમણ ખાતે સવારે 9:10 કલાકે પહોંચશે. જ્યારે ફ્લાઈટ નંબર 9I-812 દમણથી સવારે 9:35 કલાકે પ્રસ્થાન કરી બપોરે 12:25 કલાકે દિલ્હી પહોંચશે. જોકે, ઉદ્ઘાટનના ભાગરૂપે 16 જુલાઈએ પ્રથમ ફ્લાઈટનું વિશેષ સમયપત્રક રહેશે. આ દિવસે દમણથી દિલ્હી જતી ફ્લાઈટ સાંજે 5:00 કલાકે ઉપડી રાત્રે 8:00 કલાકે દિલ્હી પહોંચશે. જ્યારે દિલ્હીથી દમણ તરફની નિયમિત સીધી સેવા 20 જુલાઈથી શરૂ થશે.

આ નવી હવાઈ સેવા શરૂ થતાં ઉત્તર ભારતના પ્રવાસીઓ માટે દમણ પહોંચવું વધુ સરળ બનશે. સાથે જ દમણના ઉદ્યોગકારો, વેપારીઓ અને પ્રવાસન ક્ષેત્રને પણ તેનો સીધો લાભ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ રૂટ માટેની ટિકિટ બુકિંગ એલાયન્સ એરની સત્તાવાર વેબસાઈટ મારફતે શરૂ કરવામાં આવી છે.

**7 જ દિવસમાં...**

સર્કલથી મામાદેવ સુધી 150.00 મીટર અને ગણપતકાકાના ગોટાથી મોડેલ ટાઉન સુધી 130.00 મીટર જેટલા લાંબા વિસ્તારમાં રસ્તાઓ બિસ્માર બન્યા હતા.

ઉધના ઝોન-એમાં ઉધના ગામ એન્ટ્રી ગેટ પાસે 40.00 મીટર, ચંદનવન સોસાયટીમાં 15.00 મીટર અને ઉધના ઝોન ઓફિસની બાજુમાં ત્રિશલા એપાર્ટમેન્ટ પાસે 0.70 મીટર લંબાઈમાં રસ્તો ધસ્યો હતો. ઉધના ઝોન-બીમાં પાલી હેલ્થ સેન્ટર પાસે 23.00 મીટર, પાલી લેકથી હળપતિવાસ સુધી 26.00 મીટર, પોલોમી પ્લાન્ટથી અનુપમ સિટી રોડ સુધી 15.00 મીટર અને કનકપુરની શિવકૃપા સોસાયટી પાસે 30.00 મીટરની ટ્રેન્ચ બેસી ગઈ હતી. રાંદેર ઝોનમાં પ્રાઇમ આર્કેડ જંક્શનથી રિલાયન્સ મોલ સુધી 25.00 મીટર અને પાલ આરટીઓથી પાલ ઉમરા બ્રિજ સુધી 10.00 મીટર, જ્યારે કતારગામ ઝોનમાં શ્રીરામ સર્કલથી નાયરા પેટ્રોલ પંપ સુધી 30.00 મીટર રસ્તો તૂટ્યો હતો. અઠવા ઝોનમાં ભદ્રાશ્રમથી ચોપાટી દરગાહ રોડ પર 50.00 મીટર અને અણુવ્રતદ્વારથી ચંદ્રામણી સોસાયટી રોડ પર 15.00 મીટરના રસ્તા ધોવાયા હતા. લિંબાયત ઝોનમાં એસટીપી ડિસ્ટ્રિબ્યુશનથી ખાડી રોડ સુધી 35.00 મીટર, કુંભારીયા બાયપાસ પ્રતિષ્ઠા બંગલો પાસે 90.00 મીટર, શનિ મંદિરથી ગોદાદરા વોર્ડ ઓફિસ સુધી 35.00 મીટર અને રૂપનગર ગરનાળા પાસે 1.00 મીટર લંબાઈમાં રસ્તાઓ તૂટવાની ઘટનાઓ નોંધાઈ હતી. સેન્ટ્રલ ઝોનમાં એક પણ આવી ઘટના નોંધાઈ નથી.

**જે એજન્સી...**

તેમાં ઈજારદારોના 'સ્કોપ ઓફ વર્ક' માં એક મહત્વની શરત ફરજિયાત આમેજ કરવામાં આવશે. આ નવી શરત મુજબ, કામગીરી પૂર્ણ થયા બાદ જો કોઈ પણ સંજોગોમાં રસ્તા તૂટશે કે ટ્રેન્ચ બેસી જશે, તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ઈજારદારની રહેશે અને તેમણે પોતાના સ્વખર્ચે જ આ રસ્તાઓનું રિપેરિંગ અને સમારકામ કરવું પડશે.

**અગાઉ સ્થાયી...**

કરીને આ જવાબદારી ઈજારદારોના માથે નાખવામાં આવે. શાસકો દ્વારા ફેબ્રુઆરી મહિનામાં મુકાયેલી આ નોંધના આધારે હવે મનપા કમિશ્નર દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્ર જાહેર કરીને તમામ ઝોન અને વિભાગીય વડાઓને આ શરતનો ચુસ્તપણે અમલ શરૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

**માત્ર ઇજારદારો...**

'મનીષ રૂપારેલીયા પ્રા.લિ.' અને ઇસ્ટ ઝોન-B માં 'SCET' એજન્સીને તેની નબળી કામગીરી બદલ નોટીસ પાઠવવામાં આવી છે. જ્યારે નોર્થ ઝોન વિસ્તારમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સમાં બેદરકારી દાખવવા બદલ 'વાપકોષ લિ.' સામે તંત્ર દ્વારા લાલઆંખ કરવામાં આવી છે. વધુમાં, વેસ્ટ ઝોનમાં ક્ષતિગ્રસ્ત કામગીરી બદલ 'એસ.વી.આર. કન્સ્ટ્રક્શન'ને પણ નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે.

**ચોમાસાની હજી...**

ઈજારદારોને કડક નોટિસ ફટકારી છે. મનપાએ ઈજારદાર પાસે માત્ર 1 જ દિવસમાં ખુલાસો માંગ્યો છે અને રસ્તાના રીપેરીંગનો તમામ ખર્ચ તેમની પાસેથી જ વસૂલવાની ચીમકી આપી છે.

સૌથી વધુ ખરાબ હાલત લિંબાયત અને કનકપુર વિસ્તારની થઈ છે. લિંબાયત ઝોનમાં 42,745 મીટર લાઈનની કામગીરી સામે 60.00 મીટરનો રસ્તો બેસી ગયો છે, જ્યારે સાઉથ ઝોન-બી માં 18,605 મીટર સામે 55.00 મીટર રસ્તો ધસી પડ્યો છે.

આ ઉપરાંત સાઉથ ઝોન-એ માં 10,344 મીટરની કામગીરી સામે 35.00 મીટર, સરથાણામાં 35,383 મીટર સામે 23.00 મીટર, કતારગામમાં 23,000 મીટર સામે 15.00 મીટર અને રાંદેરમાં કુલ 25,175 મીટર લાંબી પાઈપલાઈન નાંખ્યા બાદ 21.5 મીટર લંબાઈમાં રસ્તાઓ બેસી ગયા છે. તંત્ર ભલે 0.14% ગણાવીને પોતાની પીઠ થાબડવાનો પ્રયાસ કરે છે પરંતુ શરમજનક બાબત એ છે કે, 1 મીટર પણ રસ્તો બેસવો ન જોઇએ તેને અનેક રસ્તા બેસી ગયા હોવા છતાં પાલિકા આંકડાને નાનો બતાવવાની કોશિશમાં લાગી છે.


**ટાઈટલ કલીયરન્સ બાબત જાહેર નોટીસ**

સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, મોજે પરવટનાં રેવન્યુ સર્વે નંબર ૮૨, ૮૩/૫, ૮૩/૫+૮૩/૨, બ્લોક નં. ૧૦૯, ૧૧૦, ૧૧૧ પૈકી બ્લોક નં. એ/૧/બી વાળી જમીનમાં આયોજીત **નંદનવન** માં આવેલ **સબ પ્લોટ નં. ૧૮૦** (પ્લાન મુજબ પ્લોટ નં. બી/૧૫૯) વાળી મિલકત **અશોકભાઈ ભગવાનભાઈ પટેલ**નાંઓની સંપુર્ણ માલિકી-ભોગવટાની ચાલી આવેલ છે. તેઓએ અમારા અસીલ બેંક કને લોન મેળવવા અરજી કરેલ છે અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. પરંતુ, તેમના જણાવ્યા મુજબ, સદરહું મિલકત બાબત અગ્રહકકધારીના વેચાણ દસ્તાવેજ **રજી.નંબર ૧૦૮૯૨ તા.: ૨૫.૧૦.૨૦૦૫ ની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ** ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળેલ નથી. જેથી સદરહું મિલકત બાબત યા ગુમ થયેલ અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ બાબત કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે દર-દાવો હોય યા કોઈના કબજા-ભોગવટામાં હોય, તો **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી. મુદ્દત વીત્યે કોઈનો હકક, હીત, હીસ્સો વિગેરે નથી યા જતા કરેલા છે એમ માની અમારા અસીલ બેંક સદરહું મિલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહું મિલકત ઉપર અમારા અસીલ કંપનીનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ, કોઈની કોઈ પણ જાતની તર તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૨, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, નાનપુરા, સુરત-૧ ગુજરાત : મો.૯૮૨૫૨ ૯૭૧૦૦

**નિશીથ કે. સુખડવાલા**
એડવોકેટ

**ટાઈટલ કલીયરન્સ બાબત જાહેર નોટીસ**

સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટના મોજે ભેસ્તાનના રેવન્યુ સર્વે નંબર ૭, ૮ પૈકી, ૧૪/૧, ૧૪/૨ પૈકી, ૧૪/૩ પૈકી, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫/૧, ૨૫/૨, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૪૨, ૪૪, ૪૫, ૪૬ : ૫૫ પૈકી ( જે પૈકી રેવન્યુ સર્વે સર્વે નંબર ૩૨, ૩૫, ૪૪, ૫૫ પૈકી બુડીયા કેનાલ નહેરની દક્ષિણ દિશા તરફ આવેલ છે) થી નોંધાયેલ જમીનમાં આયોજીત **ભગવતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ**માં આવેલ **પ્લોટ નં. એર/૪૧** વાળી મિલકત **લાલપ્રતાપસીંગ સાહેબબક્ષી સીંગ**નાંઓની અને **પ્લોટ નં એર/૪૨** વાળી મિલકત **શાંતેશ્વરી લાલપ્રતાપસીંગ**નાઓની સંપુર્ણ માલિકી-ભોગવટાની ચાલી આવેલ છે. મજકુર **પ્લોટ નં. એર/૪૧** વાંળી મિલકત **લાલપ્રતાપસીંગ સાહેબબક્ષી સીંગ**નાંઓએ **શાંતેશ્વરી લાલપ્રતાપસીંગ**નાંઓને અને મજકુર **પ્લોટ નં. એર/૪૨** વાંળી મિલકત **શાંતેશ્વરી લાલપ્રતાપસીંગ**નાંઓએ **લાલપ્રતાપસીંગ સાહેબબક્ષી** સીંગનાંઓને બક્ષિસથી આપવાનુ નકકી કરેલ છે. અને તેઓએ અમારા અસીલ કંપની કને લોન મેળવવા અરજી કરેલ છે અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. પરંતુ, તેમના જણાવ્યા મુજબ, સદરહું મિલકત બાબત **અસલ વેચાણ દસ્તાવેજ રજી. નંબર ૧૦૫૪૯ અને ૧૦૭૬૨ અનુક્રમે તા.: ૦૭.૧૧.૨૦૦૪ અને તા.: ૦૮.૧૧.૨૦૦૪ તથા તે દસ્તાવેજોની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ** ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળેલ નથી. જેથી સદરહું મિલકત બાબત યા ગુમ થયેલ અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ બાબત કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે દર-દાવો હોય યા કોઈના કબજા-ભોગવટામાં હોય, તો **દિન-૧૪** માં દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી. મુદ્દત વીત્યે કોઈનો હકક, હીત, હીસ્સો વિગેરે નથી યા જતા કરેલા છે એમ માની અમારા અસીલ કંપની સદરહું મિલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહું મિલકત ઉપર અમારા અસીલ કંપનીનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ, કોઈની કોઈ પણ જાતની તર તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૨, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, નાનપુરા, સુરત-૧ ગુજરાત : મો.૯૮૨૫૨ ૯૭૧૦૦

**નિશીથ કે. સુખડવાલા**
તે ગોદરેજ ફાઈનાન્સ લી. ના એડવોકેટ